૨

દિવ્યાંગજનો માટેની રાજ્યકક્ષાની સાંકેતિક ભાષાની સુવિધા સાથેની ૨૪*૭ હેલ્પલાઇન શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2021/0002/CHH-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૪/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનો તા.૦૬/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંક: 02-01/2021-DD-III

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૪/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સસુખા/ અપગ/૨૦૨૧-૨૨/૨૭૫.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૨/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક:સસુખા/ યજન/નવી બાબત/૨૦૨૧-૨૨/૨૯૭.

આમુખ:-

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા કોવીડ-૧૯ દરમ્યાન દિવ્યાંગજનોની સુરક્ષા અને રક્ષણ માટેની સર્વગ્રાહી ગાઇડલાઇન આપેલ છે. ઉક્ત ગાઇડલાઇનમાં દિવ્યાંગજનો માટે સાંકેતિક ભાષા(sign language)ના અર્થઘટન સાથે વીડીયો કોલિંગની સુવિધા સાથેની ૨૪*૭ હેલ્પલાઇન નંબર શરૂ કરવા રાજ્યોને સૂચન કરેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના પત્રથી દિવ્યાંગજનો માટેની રાજ્યકક્ષાની સાંકેતિક ભાષાની સુવિધા સાથેની ૨૪*૭ હેલ્પલાઇન શરૂ કરવા સૂચન કરેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા રાજ્યમાં દિવ્યાંગજનો માટે સાંકેતિક ભાષાની ૨૪*૭ હેલ્પલાઇન શરૂ કરવા અંગે નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમાંક (૨)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની દરખાસ્તથી વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબત રૂ.૨૫.૦૦/-લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યમાં દિવ્યાંગજનો માટેસાંકેતિક ભાષાની ૨૪*૭ હેલ્પલાઇન શરૂ કરવા અંગેની રૂ.૨૫.૦૦/-લાખ(અંકે રૂપિયા પચીસ લાખ પુરા)ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

<u>શરતો:</u>

1) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
2) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
6) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
7) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
8) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશ
9) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
11) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજીવિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
13) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.
14) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
15) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો

તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)

16) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

17) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

18) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

19) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૮/ ૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઈલ.